RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-01
January-2018
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# આદીવાસી સંસ્કૃતિ અને તેની સુખાકારી એક ઐતિહાસિંક વિહંગાવલોકન

ચૌધરી ભમરાજી.સી.

*પી.એચ.ડી.સ્ટુડન્ટ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિર્વસીટી,અમદાવાદ*

પ્રાચીનકાળથી આદિવાસી જીવનને સંસ્કૃતિ જોવા મળે છે. સમગ્ર માનવ સંસ્કૃતિ એક સ્થળે થી બીજા સ્થળે સ્થળાંતર કરતી હતી. અને પોતાના જીવનનિર્વાહ ને પરીપુર્ણ કરવા માટે સમયને અનુરૂપ આજીવિકા કરતા હતા.આ એક સમુહમાં એકત્ર થયેલ લોકોના ટોળાને " આદિમજાતિ" તરીકે ઓળખવામાં આવતી.

આદિમજાતિ અંગેના ઇતિહાસકારો માં વિવિધ મંતવ્યો જોવા મળે છે. " આદિમજાતિ" માં વાપરવામાં આવેલ " આદિમ" શબ્દ વિચારકોમાં તોફાનનું સર્જન કરે છે. આ સંસ્કૃતિ ઇતિહાસમાં આદીકાળથી જોડાયેલ છે.

માનવશાસ્ત્રીય અભ્યાસ મુજબ બાન્ટુકના મતે " માઓરી" વિશે ' આદિમ' શબ્દ ખુબ જ સરળતાથી વાપરી શકતા હતા. તેઓએ દર્શાવ્યું છે કે માન જાતિના વર્ણનનો રિર્પોટ વાંચી કે સમજી શકતા ન હતા. પરંતુ આજે "આદિમ:: લોકો એ ભારતમાં પોતાનું અલગ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અને ગુજરાતમાં પોતાની અલગ ઓળખ ઉભી કરી છે.

**ગુજરાતના આદિવાસીઓનો ઐતિહાસીક અર્થઃ-**

આદિમ PRIMTIVE શબ્દને આદિવાસીઓ વસે છે. **વસ્તીઓનું નિવાસ સ્થાનઃ** ડાંગ અને નાયકડા અને નાયકા સુરત જિલ્લામાં છે. વડોદરા ,સુરત અને પંચમહાલ જિલ્લામાં વધારે છે. પટેલિયા મોટે ભાગે પંચમહાલ માં જોવા મળે છે. કોળી પારધી,કાસાપારધી મુખ્યત્વે કચ્છ જિલ્લામાં વસે છે. સીદ્દી અને બાવચા જૂનાગઢ અને અમદાવાદ જિલ્લામાં , કોટવાળિયા ભરૂચ અને સુરત જિલ્લામાં વસે છે. આદિવાસી સંસ્કૃતિના ઇતિહાસ ની સામાજિક પરિસ્થિતિ આદિવાસી સમાજ માં લગ્ન સંસ્થા, જાતિય સંબધો તેની મર્યાદાઓ સાથીની સંખ્યા , રિવાજો, વિધિઓની દૃષ્ટિ એ અન્ય સમાજની લગ્ન વ્યવસ્થા કરતાં ભિન્ન જોવા મળે છે.

ડુંગરી ગરાસિયા આદિવાસીઓમાં "ગૌત્રબહાર" લગ્ન કરવામાં આવતા પોતાના ગૌત્રમાં લગ્ન પર નિષેધ જોવા મળે છે. બહુપત્ની લગ્ન ,પુનલગ્ન,છૂટાછેડા રખાત, રાખવાનવી પ્રથા પલાયન વિવાહ વગેરે ડુંગરી ગરાસિયા આદિવાસી સમાજ માં જોવા મળે છે. આ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊચું જોવા મળે છે. તેમાં સ્ત્રીઓ મોટી ઊંમરે લગ્ન કરી શકતી ,છૂટક મજૂરી પશુપાલન લાકડા કાપી લાવા વગેરે જેવા કાર્યો દ્વારા આર્થિક સહકાર પણ આપે છે. આજના યુગમાં ડુંગરી ગરાસિયા આદિવાસીઓના સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક કે ધાર્મિક જીવનમાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે. બદલે પ્રાથમિક "PRIMRY" શબ્દનો કરે છે. આ અર્થને સામાન્ય રીતે રજૂ કરવામાં આવે તો તેનો મતલબ થાય છે. " પ્રાથમિક વિકાસ નો અભાવ" તોછડાપણું એમ થાય છે. ભારતમાં ' જનજાતિ' શબ્દ કાયદાકીય અને વહીવટી અર્થ ધરો છે. તેઓને " અનુસુચિત જનજાતિ" કહેવાય છે. " ટ્રાઇલ" શબ્દની કોઇ ચોકકસ વ્યાખ્યા ન હોવાથી આ જાતિ ઘડનારાને માર્ગદર્શન મળી રહે તે હેતુથી કેટલાંક જૂથો દ્વારા બ્રિટીશ શાસન પધ્ધતિથી ચાલતી આવતી રૂઢિઓ, ભૌગોલિક પરિસ્થિત આર્થિક સ્થિત જીવન જીવવાની પધ્ધતિ ના આધારે " ટ્રાયબલ " માં વિભાગીકરણ કરવામાં આવ્યું.

" ટ્રાયબલ" શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ બ્રિટીશ વસ્તી ગણતરી અધિકારીઓએ તથા માનવશાસ્ત્રીઓએ ૧૮ મી સદીમાં કર્યો હતો. ૧૮૮૧ થી ૧૯૩૧ સુધીના વસ્તી ગણતરીના અહેવાલ ચાલે પ્રકારની માહિતી આપેલ છે.

(૧) એવાલોકો કે જેઓ કોઇ ધર્મ પાળતા હોય.

(૨) જીવવાદમાં માનતા હોય અને એ મુજબ રહેતા હોય.

૧૯૩૫ નો "ધી ગવમેન્ટ ઓફ ઇન્ડિયા એકટ " પછાતજાતિ એવો શબ્દ વાપરે છે ભારતીય બંધારણની કલમ ૩૪૧ અને ૩૪૨ ના કેટલાંક જૂથોને " અનુસુચિત જનજાતિ " તરીકે ઓળખવાની સત્તા રાષ્ટ્રપતિને આપે છે. ૧૯૫૦ ના

© RRIJM 2015, All Rights Reserved

બંધારણીય આદેશ મુજબ ૨૧૨ જાતિઓને " અનુસુચિત જનજાતિ" તરીકે જાહેર કરવામાં આવે છે.

**ગુજરાતના આદિવાસી વિસ્તાર અને વસ્તીની ઐતહાસીક રૂપરેખા**

ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી રાજયની સમગ્ર પૂર્વ સરહદ પર આવેલા ડુંગરાળ વિસ્તારમાં પથરાયેલી છે. પૂર્વ સરહદમાં ત્રણ રાજયો આવેલાં છે. રાજસ્થાન , મધ્યપ્રદેશ, અને મહારાષ્ટ્ર આ સરહદો થી જોડાયેલા છે. ત્રણ રાજયોની સરહદો પર વસતા લોકોની આર્થિક સાંસ્કૃતિક જીવનની અસર ગુજરાતના આદિવાસી જીવન પર જોવા મળે છે.

જેમાં આઠ(૮) આદિવાસી જિલ્લાઓને ભૌગોલિક રીતે ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

(૧) ગુજરાતનો ઉત્તર વિભાગ-૧

બનાસકાંઠા , સાબરકાંઠા

(૨) ગુજરાતનો મધ્યવિભાગઃ

પંચમહાલ , વડોદરા, ભરૂચ.

(૩) ગુજરાતનો દક્ષિણ વિભાગઃ-

સુરત ,વલસાડ, ડાંગ

આદિવાસી જીલ્લાઓઃ-

ગુજરાતમાં સૌથી વધારે વસ્તી "ભીલ" અને "દુબળા" આદિવાસીઓની છે.સૌથી ઓછી વસ્તી પારધી , ગોઢ,રાજગોડ, અને બરંડા આદિવાસીઓની છે.ભીલો મુખ્યત્વે સાબરકાંઠા , બનાસકાંઠા,વડોદરા,પંચમહાલ,ભરૂચ અને ડાંગ જિલ્લામાં વસે છે.

સુરત જિલ્લામાં કાથોડી , ઢોર ,કોળી,પોડિયા ગામીત , ચૌધરી,ધાનકા કોકંણ વગેરે છે.આદિવાસીઓમાં મેળાઓનું આકર્ષણ ઘટવા લાગ્યું છે. પંરપરાગત નૃત્યો કરવામાં શરમ અનુભવે છે.

સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ , રાહત કાર્યો દ્વારા આર્થિક સહાય , શૈક્ષણિક સુવિધાઓ વગેરેના કારણે તથા સાંસ્કૃતિકરણ તથા ખિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિઓ દ્વારા આદિવાસી સમાજ ઉપર તેની વધારે અસર જોવા મળે છે.

આમ ઐતિહાસીક રીતે પણ આદિવાસી જીવન એ વર્ષોથી પ્રકૃતિના તત્વો અને માનવ સંસ્કૃતિમાટે ખુબ જ ઉપયોગી છે. તેમના દ્વારા માનવ મુલ્યોની જાળવણી અને રક્ષણ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે.

**સંદર્ભ સુચિઃ-**

(૧) આદિવાસી સંસ્કૃતિ માહિતી નિયામકની કચેરી , ગાંધીનગર, ગુજરાત -૨૦૦૫

(૨) આચાર્ય શાંતિભાઇઃ- 'ભીલી' ગુજરાતી શબ્દાવલી નવેમ્બર ૧૯૬૫,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.

(૩) રશ્મિ મહેતાઃ ગુજરાતની અસ્મીતા , અમદાવાદ.

(૪) મસવી મુસ્તાલી " ગુજરાતના આદિવાસીઓની વ્યવસ્થા" ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૧૯૮૩

(૫) The Gazetter of India ( History and culture) Editer: P.N. Chopra યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ , ગુજરાત રાજય, અમદાવાદ-૧૯૮૪,૨૦૦૧,૨૦૧૮

(૬) ડો. પ્રવીણરાય પરીખ. ભારતીય સંસ્કૃતિ, સ્વરૂપ અને વિકાસ. (મધ્યકાલ અને અર્વાચીન કાલ) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ.

© RRIJM 2015, All Rights Reserved